RNI No.: GUJGUJ/2014/59295

E mail -
prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક


"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 354 * Date: 15.10.2026,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

હોર્મુઝ સ્ટ્રેટમાં માલવાહક જહાજ દરિયાઈ માઈન સાથે ટકરાયું, ૨,૫૦૦ કન્ટેનર દરિયામાં ગરકાવ



સ્ટ્રેટ ઑફ હૉર્મુઝમાં મોટી ઘટના સામે આવી છે, જ્યાં એક માલવાહક જહાજ દરિયાઈ સુરંગ સાથે ટકરાતા ડૂબી ગયું. ઈરાનની ''ઈજ્જ નૌકાદળે બુધવારે સવારે ૬:૩૦ વાગ્યે આ માહિતી આપી. ૨,૫૦૦ કન્ટેનર લઈને જતું આ જહાજ વિસ્ફોટ બાદ આગ લાગવાથી થોડી જ મિનિટોમાં દરિયામાં ગરકાવ થઈ ગયું. ઈરાનના મતે, જહાજ જોખમી માર્ગે જઈ રહ્યું હતું. આ ઘટનાથી વૈશ્વિક વેપાર પર અસર થવાની શકયતા છે. સ્ટ્રેટ ઑફ હૉર્મુઝમાંથી એક મોટી ઘટના સામે આવી છે. અહીં દરિયાઈ બારૂદી સુરંગ સાથે ટકરાયા બાદ ૨,૫૦૦ કન્ટેનર લઈને જઈ રહેલું એક મોટું માલવાહક જહાજ સમુદ્રમાં ડૂબી ગયું છે. ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ્સ કૉર્પ્સ એટલે કે''ઈજ્જની નૌકાદળે બુધવારે જહાજ ડૂબવાની માહિતી આપી હતી.ઈરાનના જણાવ્યા અનુસાર, બુધવારે સવારે આશરે ૬:૩૦ વાગ્યે જહાજ દરિયાઈ માઈન સાથે ટકરાયું હતું, જેના કારણે તેમાં ભીષણ આગ લાગી ગઈ હતી. આ વિસ્ફોટથી જહાજના તળિયામાં મોટું છિદ્ર પડી ગયું હતું, અને પાણી ભરાઈ જવાથી થોડી જ મિનિટોમાં આખું જહાજ દરિયામાં ગરકાવ થઈ ગયું હતું. જહાજ પર રહેલા તમામ ૨,૫૦૦ કન્ટેનર સમુદ્રના મોજાઓમાં વિખેરાઈ ગયા હતા. વર્તમાન સંઘર્ષ દરમિયાન ઈરાને પ્રથમ વખત કોઈ જહાજ દરિયાઈ માઈન સાથે ટકરાઈને ડૂબી ગયાની પુષ્ટિ કરી છે.

ઈરાનના સરકારી ટેલિવિઝને રિવોલ્યુશનરી ગાર્ડ્સના નિવેદનને ટાંકીને જણાવ્યું કે, આ જહાજ મધ્ય પૂર્વથી એશિયા તરફ માલસામાન લઈને જઈ રહ્યું હતું. ઈરાને દાવો કર્યો હતો કે, જહાજ અનધિકૃત અને જોખમી માર્ગ પરથી પસાર થઈ રહ્યું હતું. સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા વીડિયોમાં જહાજમાંથી ધુમાડાના ગોટા નીકળતા અને ધીમે ધીમે જહાજ ડૂબતું નજરે પડે છે. જોકે, આ ઘટના અંગે હજુ પણ અનેક મહત્વના સવાલોના જવાબ મળવાના બાકી છે. જહાજ કયા દેશનું હતું, તેમાં કેટલા લોકો સવાર હતા, અને ક્રૂ મેમ્બર્સની સ્થિતિ શું છે

સંગઠનાત્મક કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા તથા અસરકારક જનસંપર્ક અંગે બેઠકમાં માર્ગદર્શન આપતા ભાજપના પ્રદેશ સહ પ્રભારી શ્રીમતી ગોમતી સાઈજી તથા પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજે કેવડિયા ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં તથા પ્રદેશ સહ પ્રભારી શ્રીમતી ગોમતી સાઈજી અને પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં ભાજપા આદિજાતિ મોરચાની પ્રદેશ કારોબારી બેઠક યોજાઈ હતી. બેઠકમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનનાં ૨૫ વર્ષ દરમિયાન આદિવાસી સમાજના ઉત્થાન અને વિકાસ માટે થયેલી કામગીરી બદલ અભિનંદન પાઠવતો પ્રસ્તાવ રાજ્ય સરકારના મંત્રી શ્રી નરેશભાઈ પટેલ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો જે સર્વાનુમતે પસાર થયો હતો.આ બેઠકમાં પ્રદેશ આદિજાતિ મોરચાના અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવા, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી નરેશભાઈ પટેલ, શ્રી પી.સી. બરંડા, શ્રી જયરામ ગામીત, સાંસદશ્રીઓ શ્રી મુકેશભાઈ રાઠવા, શ્રી ધવલભાઈ પટેલ, શ્રી જશુભાઈ રાઠવા, શ્રી પ્રભુભાઈ વસાવા, આદિવાસી સમાજમાંથી આવતા ધારાસભ્યશ્રીઓ, આદિજાતિ મોરચાના સંગઠનના પદાધિકારીઓ તથા કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી દ્વારા આદિજાતિ મોરચા સંગઠનની રચના બાદ આજે પ્રથમ પ્રદેશ કારોબારીની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનનાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે ચાલી રહેલા સેવા સંકલ્પના સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના કાર્યકાળ દરમિયાન આદિવાસી સમાજને વિકાસની વિવિધ યોજનાઓનો નોંધપાત્ર લાભ મળ્યો છે. વર્ષ ૨૦૦૭ થી ગુજરાતમાં શરૂ કરવામાં આવેલી વનબંધુ કલ્યાણ યોજના દ્વારા આદિવાસી વિસ્તારોમાં આરોગ્ય, શિક્ષણ, સિંચાઈ, માર્ગો અને પરિવહન સહિતની પાયાની સુવિધાઓના વિકાસને વેગ મળ્યો છે. અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી પટ્ટામાં માળખાકીય સુવિધાઓ અને વિકાસલક્ષી કામગીરીમાં થયેલા પરિવર્તનનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ભાજપા સરકાર આદિવાસી સમાજને વિકાસની મુખ્યધારામાં સાથે રાખી તેમના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે.





શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ્યોતિગ્રામ યોજના સહિતની વિવિધ યોજનાઓ અને 'બેટી બચાવો, બેટી પઢાવો' જેવા અભિયાનો તેમ સરકારી યોજનાઓને ગામડાંઓ સુધી પહોંચાડવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. ભારતીય જનતા પાર્ટીનું સંગઠન અને ભાજપાનો કાર્યકર્તા સતત જનતાની વચ્ચે રહ્યો છે.



હવે દિવ્યાંગોને જન્મથી પેન્શન, રેલવે કર્મીઓને ૭૮ દિવસનું બોનસ... કેન્દ્રીય કેબિનેટના મોટા નિર્ણય

મોદી કેબિનેટે દિવાળી પૂર્વે ૧૧.૪૦ લાખ રેલવે કર્મચારીઓને ૭૮ દિવસનું બોનસ મંજૂર કર્યું છે. આ માટે ?૨૦૦૯ કરોડ ફાળવાયા છે. દિવ્યાંગ પેન્શનના નિયમો સરળ બન્યા, હવે ૪૦% દિવ્યાંગતા પર પણ પેન્શન મળશે અને જન્મથી જ દિવ્યાંગોને લાભ મળશે. આ ઉપરાંત, ?૫૩,૪૨૮ કરોડના ખર્ચે સામાજિક સુરક્ષા નેટનું વિસ્તરણ કરાયું છે.

કેન્દ્રની મોદી સરકારે દેશના લાખો રેલવે કર્મચારીઓને દિવાળી પહેલા મોટી ભેટ આપી છે. આજે બુધવારે મળેલી મોદી કેબિનેટે ત્રણ મોટા નિર્ણયો લીધા છે. જે હેઠળ રેલવેના કર્મચારીઓ માટે ૭૮ દિવસના પરફોર્મન્સ લિંક્ડ બોનસને મંજૂરી આપવામાં આવી છે. દિવાળી પહેલા આશરે સાડા અગિયાર લાખ કર્મચારીઓને આ બોનસ આપવામાં આવશે, જેના માટે ૨૦૦૯ કરોડ રૂપિયાની મંજૂરી આપવામાં આવી છે.

દિવ્યાંગો માટે પહેલા ૮૦ ટકા થ્રેશોલ્ડ હતો તેને હવે અડધો કરીને ૪૦ ટકા પર જ આપવામાં આવશે. સાથે જ હવે જન્મથી જ દિવ્યાંગોને પેન્શન આપવામાં આવશે. પહેલા ૧૮ વર્ષની ઉંમરથી આપવામાં આવતું હતું. સોશિયલ સિક્યોરિટી નેટને વધારીને ૫૩,૪૨૮ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી.સરકારે આજે ત્રણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. જેમાંથી પહેલો નિર્ણય રેલવેના લગભગ ૧૧.૪૦ લાખ કર્મચારીઓને ૭૮ દિવસનું બોનસ આપવાનો છે. તેમણે આને દિવસ-રાત મહેનત કરનારા રેલ કર્મચારીઓ માટે દિવાળીની ભેટ ગણાવી, જેઓ તહેવારો દરમિયાન પણ પોતાના પરિવારોથી દૂર પાટા, ટ્રેનો અને વર્કશોપમાં સતત કામ કરે છે. આ બોનસ માટે સરકાર કુલ મળીને લગભગ ૨,૦૦૯ કરોડ રૂપિયા ખર્ચ કરશે.બીજો નિર્ણય દેશના સોશિયલ સિક્યોરિટી નેટને ૨૦૩૧ સુધી વધારવાનો અને તેનો વિસ્તાર કરવાનો છે, જેના માટે ૫૩,૪૨૮ કરોડ રૂપિયાનું બજેટ રાખવામાં આવ્યું છે. ત્રીજા નિર્ણય હેઠળ દિવ્યાંગતા પેન્શનના નિયમોને સરળ બનાવવામાં આવ્યા છે. પહેલા ઓછામાં ઓછી ૮૦ ટકા દિવ્યાંગતા હોવા પર જ આ પેન્શન મળતું હતું, પરંતુ હવે આ સીમાને અડધી ઘટાડીને ૪૦ ટકા કરી દેવામાં આવી છે, એટલે કે હવે ૪૦ ટકા દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ પણ પેન્શન માટે હકદાર બનશે.સરકારના દાવા મુજબ હવે દિવ્યાંગ વ્યક્તિઓને જન્મથી જ પેન્શન યોજના હેઠળ કવર કરવામાં આવશે. જેનો અર્થ એ છે કે દિવ્યાંગજનો માટે સામાજિક સુરક્ષાનો દાયરો બે રીતે વધશે, પહેલું, પેન્શન મેળવવાની પાત્રતાની સીમા (દિવ્યાંગતા ટકાવારી) ઓછી કરીને અને બીજું, તેના લાભાર્થીઓની સંખ્યામાં મોટો વધારો કરીને.



તંત્રી લેખ

ગુવારના ભાવમાં તીવ્ર વધારો, ૧૩ વર્ષની ટોચે

અમદાવાદ : ચાલુ સિઝનમાં નબળું ચોમાસું, ઓછું વાવણી અને બજારોમાં ખૂબ જ ઓછી આવકને કારણે ગુવારના ભાવમાં અચાનક ઉછાળો આવ્યો છે. ગુવારના બીજના ભાવ રૂ. ૭,૯૦૦ ને વટાવી ગયા છે, જે સપ્ટેમ્બર ૨૦૧૩ પછી પહેલી વાર જોવા મળ્યું છે. નવેમ્બર ૨૦૧૪ પછી પહેલી વાર ગુવાર ગમ પણ રૂ. ૧૫,૫૦૦ને વટાવી ગયો છે. ઓછા ઉત્પાદન અને મજબૂત વૈશ્વિક માંગના ભયથી ભાવ સતત વધી રહ્યા છે.

ઓક્ટોબર ૨૦૨૬માં ગુવાર બજાર રેકોર્ડબ્રેક ઉછાળાનો ટ્રેન્ડ અનુભવી રહ્યું છે. ઓછા ઉત્પાદન અને મજબૂત વૈશ્વિક માંગના ભયથી ભાવ સતત વૃધી રહ્યા છે. દેશભરના મુખ્ય બજારોમાં ગુવાર બીજનો સરેરાશ ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૮,૦૦૦ની આસપાસ છે. કેટલાક બજારોમાં, ઉચ્ચ ગુણવત્તાવાળા ગુવાર બીજનો ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૯,૦૦૦ સુધી પહોંચી ગયો છે. હાજર બજારની સાથે, વાયદા બજારમાં પણ તેજી જોવા મળી રહી છે.

બજાર નિષ્ણાતોના મતે, ગુવાર બીજનો ભાવ ટૂંક સમયમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૮,૦૦૦ને વટાવી શકે છે. જો ઉપર તરફનો ટ્રેન્ડ ચાલુ રહેશે, તો તે ભવિષ્યમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૦,૦૦૦ને પણ સ્પર્શી શકે છે. તેવી જ રીતે, ગુવાર ગમનો ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૮,૦૦૦ થી રૂ. ૨૦,૦૦૦ સુધી વધી શકે છે.

નિષ્ણાતોના મતે, આ વર્ષે પાક ઓછો છે. નવો પાક બજારમાં આવવા લાગ્યો છે, પરંતુ ભાવ વૃધવાને કારણે ખેડૂતોએ પોતાનું ઉત્પાદન રોકી રાખ્યું છે. આના કારણે બજારનું આગમન નબળું પડયું છે.

એક ભારત શ્રેષ્ઠ ભારત' પહેલ અંતર્ગત યુવા સંગમ કાર્યક્રમ અન્વયે ચંદીગઢનું ૪૦ વિદ્યાર્થીઓનું છાત્ર પ્રતિનિધિ મંડળ ગુજરાત પ્રવાસે



૧૬ ઓક્ટોબર, ૨૦૨૬

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના મંત્રને સાકાર કરતી 'યુવા સંગમ' પહેલ અંતર્ગત ચંડીગઢથી આશરે ૪૦ સભ્યોનું વિદ્યાર્થી પ્રતિનિધિમંડળ સંસ્થાકીય પ્રતિનિધિઓ સાથે તા. ૧૦ થી ૧૬ દરમિયાન ગુજરાતની મુલાકાતે છે. આ છાત્ર પ્રતિનિધિમંડળે આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા અને સચિવશ્રી ડૉ. અજય કુમાર પણ આ વેળાએ જોડાયા હતા. દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના યુવાનો વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાન, સંવાદ, રાષ્ટ્રીય એકતા અને પરસ્પર સમજણની ભાવનાને પ્રોત્સાહન આપવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે શરૂ થયેલી 'યુવા સંગમ' પહેલ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના ઉચ્ચ શિક્ષણ વિભાગે કરી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ યુવા વિદ્યાર્થીઓ સાથેના સંવાદમાં તેમને જીવનમાં સકારાત્મકતા સાથે પ્રગતિ સાધવા તેમજ ગુજરાતની વિકાસયાત્રાની તેમણે કરેલી અનુભૂતિ અંગે પોતાના રાજ્યમાં ખુલ્લા મને ચર્ચા કરવા અનુરોધ કર્યો હતો. ગુજરાત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં વિકાસનું રોલમોડલ બન્યું છે તેની વિશેષતાઓ પણ મુખ્યમંત્રીશ્રીએ યુવાછાત્રો સમક્ષ કરી પ્રસ્તુત કરી હતી. કેન્દ્ર સરકારની આ પહેલના માધ્યમથી વિદ્યાર્થીઓ વિવિધ રાજ્યોની સંસ્કૃતિ, પરંપરાઓ, વારસો, વિકાસના મોડેલો, નવીનતાઓ અને ટેકનોલોજિકલ પ્રગતિ વિશે પ્રત્યક્ષ જાણકારી મેળવે એવો ધ્યેય રાખવામાં આવ્યો છે. આ છાત્ર પર્તિનિધિમંડળના વિદ્યાર્થીઓ ગુજરાતનાં ઐતિહાસિક અને પ્રવાસન સ્થળોનો પરિચય કરે, સ્થાનિક સંસ્કૃતિ, રીતરિવાજો અને પરંપરાઓની સમજ તેમજ વિકાસ મોડેલ, ઔદ્યોગિક સિદ્ધિઓ અને વિકાસલક્ષી પહેલોની જાણકારી મેળવે તે માટે ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીએ આ પ્રતિનિધિમંડળની યજમાની કરી છે. એટલું જ નહિ, વિવિધ રાજ્યોના યુવાનો વચ્ચે સંવાદ, પરસ્પર સમજ અને લાંબા ગાળાના સંબંધોનું નિર્માણ થાય અને ટેકનોલોજી અને ઈનોવેશનન્સના વિવિધ ક્ષેત્રોમાં થતો ઉપયોગ સમજાવવાનો પણ ધ્યેય રાખવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલના ભાગરૂપે ગુજરાતના ૫૦ વિદ્યાર્થીઓનું પ્રતિનિધિમંડળ પણ તા. ૨૨ થી ૨૯ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન પંજાબની મુલાકાતે જશે. આ કાર્યક્રમ માટે પ્રાપ્ત થયેલી આશરે ૫,૦૦૦ અરજીઓમાંથી નિર્ધારિત પસંદગી પ્રક્રિયા દ્વારા ૫૦ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. ગુજરાતના વિદ્યાર્થીઓના આ પ્રવાસ માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (ીજીઈઈ), મોહાલીને નોડલ સંસ્થા તરીકે કાર્ય કરશે.

શ્રમિકોની સુરક્ષા, આરોગ્ય અને સામાજિક કલ્યાણ માટે સરકાર કટિબદ્ધઃ શ્રમમંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા






શ્રમિકોના પરિવારોને સુરક્ષિત અને ભયમુક્ત વાતાવરણ પૂરું પાડવું એ આપણી નૈતિક અને સામાજિક જવાબદારી છે, તેમ શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું. ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ-૧ સ્થિત તાપી હોલ ખાતે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરી તથા શ્રમ નિયામકની કચેરી દ્વારા આયોજિત લેબર કોડ્સ અંગેની બેઠકમાં તેઓ અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરી રહ્યા હતા.બેઠકમાં મકાન અને અન્ય બાંધકામ શ્રમિકોના કલ્યાણ, શ્રમિકોની સલામતી અને આરોગ્ય, કાર્યસ્થળની પરિસ્થિતિઓ તેમજ નવા લેબર કોડ્સની જોગવાઈઓ અંગે બિલ્ડરો, કોન્ટ્રાક્ટરો અને સંબંધિત હિતધારકો સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.શ્રમમંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે શ્રમિકો રાજ્ય અને દેશના વિકાસનો પાયો છે. બાંધકામ સ્થળે કામ કરતા શ્રમિકોને પોતાના પરિવારના સભ્ય સમાન ગણીને તેમને સલામતીનાં સાધનો, આરોગ્યલક્ષી સુવિધાઓ અને સુરક્ષિત કાર્યપરિસ્થિતિઓ પૂરી પાડવી જોઈએ. બાંધકામ સ્થળે અકસ્માતો અટકાવવા સલામતીનાં સાધનોનો ઉપયોગ અને નિયમોનું ચુસ્ત પાલન સુનિશ્ચિત કરવા તેમણે બિલ્ડરો અને કોન્ટ્રાક્ટરોને અનુરોધ કર્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે અનેક શ્રમિકો સરકારી યોજનાઓ અને શ્રમ કાર્ડના લાભોથી અજાણ હોય છે. શ્રમિકો અને તેમના પરિવારોને શિક્ષણ, તબીબી સારવાર તથા સામાજિક સુરક્ષાને લગતી યોજનાઓનો લાભ મળી રહે તે માટે ઈ-નિર્માણ અને ઈ-શ્રમ કાર્ડ કઢાવવામાં બિલ્ડરો અને કોન્ટ્રાક્ટરોએ સક્રિય સહયોગ આપવો જોઈએ. શ્રમિકોનાં બાળકો શિક્ષણ અને આરોગ્યની સુવિધાઓથી વંચિત ન રહે તે માટે સરકાર અને નોકરીદાતાઓએ સંકલિત પ્રયાસો કરવા પણ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.શ્રી બાવળીયાએ ઉમેર્યું હતું કે રાજ્ય સરકાર ઔદ્યોગિક વિકાસની સાથે શ્રમિકોના કલ્યાણ માટે પણ પ્રતિબદ્ધ છે. શ્રમિકો અને નોકરીદાતાઓ બંનેનાં હિતોનું રક્ષણ થાય તથા તેમના પ્રશ્નોનું સંવાદ અને સહકારથી નિરાકરણ આવે તે માટે સરકાર સકારાત્મક અભિગમ અપનાવી રહી છે.આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયાએ જણાવ્યું હતું કે ગુજરાતના ઔદ્યોગિક અને બાંધકામ ક્ષેત્રના વિકાસમાં ઉદ્યોગકારો તથા શ્રમિકોનું મહત્વપૂર્ણ યોગદાન છે. સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના શ્રમિક સુધી પહોંચે તે પ્રાથમિકતા છે. શ્રમિકો કે ઉદ્યોગોને પડતી મુશ્કેલીઓના યોગ્ય ઉકેલ માટે રાજ્ય સરકાર હંમેશાં સકારાત્મક અભિગમ ધરાવે છે.કોરોના મહામારીના સમયગાળાને યાદ કરતાં તેમણે જણાવ્યું હતું કે મુશ્કેલ પરિસ્થિતિમાં પણ રાજ્ય સરકારે શ્રમિકોની સુખાકારીની ચિંતા કરી હતી. શ્રમિકો માટે રહેવા-જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી અને તેમને ટ્રેનો મારફતે સુરક્ષિત રીતે વતન પહોંચાડવા માટે સહયોગ આપવામાં આવ્યો હતો. આ રીતે શ્રમિકોની સુરક્ષા અને સન્માન જાળવવા ગુજરાતે પ્રયત્નો કર્યા હતા.

અમદાવાદ રેલવે સ્ટેશનના સરસપુર તરફના નવનિર્મિત દ્વિતીય પ્રવેશ દ્વાર અને ઈન્ટિગ્રેટેડ ફૂટ ઓવર બ્રિજનું લોકાર્પણ







અમદાવાદ રેલવે સ્ટેશન પુનઃવિકાસ પરિયોજના હેઠળ સરસપુર તરફના નવનિર્મિત દ્વિતીય પ્રવેશદ્વાર અને ઈન્ટિગ્રેટેડ ફૂટ ઓવરબ્રિજનો શુભારંભ સાંસદ, અમદાવાદ (પશ્ચિમ) દિનેશભાઈ મકવાણા તેમજ ધારાસભ્ય દિનેશસિંહ કુશવાહની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.આગામી દીપાવલી અને છઠ પૂજા દરમિયાન યાત્રીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને સરસપુર બાજુનું નવનિર્મિત દ્વિતીય પ્રવેશદ્વાર અને ઈન્ટિગ્રેટેડ ફૂટ ઓવર બ્રિજનું લોકાર્પણ થતાં આ વિસ્તારોમાંથી આવતાં યાત્રીઓને રેલવે સ્ટેશનમાં પ્રવેશ માટે વધારાનો અને સરળ માર્ગ ઉપલબ્ધ થશે.

નવા પ્રવેશદ્વાર અને ઈન્ટિગ્રેટેડ ફૂટ ઓવરબ્રિજથી સ્ટેશનના હાલના પ્રવેશ માર્ગોનો ધસારો ઓછો કરવામાં પણ સહાયતા મળશે. આ ઈન્ટિગ્રેટેડ ફૂટ ઓવર બ્રિજ પર હાલમાં ૧૦ એસ્કેલેટર અને લિફ્ટ કાર્યરત છે. નવનિર્મિત દ્વિતીય પ્રવેશદ્વાર પર પણ લિફ્ટનું નિર્માણ કામ પ્રગતિમાં છે, જેને વહેલીતકે યાત્રીઓના ઉપયોગ માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે.આ સાથે જ મહાનુભાવો દ્વારા અમદાવાદ રેલવે સ્ટેશનના પુનઃવિકાસ કામો અને મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ પરિયોજના હેઠળ વિકસાવવામાં આવી રહેલા બુલેટ ટ્રેન સ્ટેશનના નિર્માણ કામની પ્રગતિનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તદુપરાંત, સારંગપુર અને કાલુપુર રેલવે બ્રિજના વિકાસ કામોની પ્રગતિની સમીક્ષા પણ કરાઈ હતી.જે અંતર્ગત, વિવિધ નિર્માણ પ્રવૃત્તિઓ, યાત્રી સુવિધાઓના વિકાસ, સ્ટેશન સંકુલની કનેક્ટિવિટી તેમજ ભવિષ્યની પાયાની માળખાકીય યોજનાઓની માહિતી મેળવવામાં આવી હતી.અમદાવાદ રેલવે મેનેજર વેદપ્રકાશે અમદાવાદ રેલવે સ્ટેશન પુનઃવિકાસ પરિયોજનાને મહત્વપૂર્ણ ગણાવી હતી. જેને રેલવે સંચાલન અને યાત્રીસેવાઓ ચાલુ રાખીને તબક્કાવાર અમલમાં મૂકવામાં આવી રહી છે. નિર્માણ કામ દરમિયાન યાત્રીઓની સુરક્ષા, સુવિધા અને અવિરત રેલવે સંચાલનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે તેમ તેમણે ઉમેર્યું હતું.ઉલ્લેખનીય છે કે, અમદાવાદ રેલવે સ્ટેશનને ભવિષ્યમાં એક આધુનિક મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ તરીકે વિકસાવવાની દિશામાં કામ કરવામાં આવી રહ્યું છે. આ યોજના હેઠળ ભારતીય રેલવે, બુલેટ ટ્રેન સ્ટેશન અને નજીકના મેટ્રો સ્ટેશન વચ્ચે ઉત્તમ કનેક્ટિવિટી સ્થાપિત કરવાનું લક્ષ્ય છે.આગામી દિવસોમાં મેટ્રો સ્ટેશનથી રેલવે સ્ટેશન સંકુલમાં સીધા પ્રવેશની સુવિધા શરૂ કરવાની પણ યોજના છે. આનાથી યાત્રીઓને વિવિધ પરિવહન સાધનો વચ્ચે સરળ અવરજવરની સુવિધા મળશે અને અમદાવાદ રેલવે સ્ટેશનને એક આધુનિક અને સંકલિત પરિવહન કેન્દ્ર તરીકે વિકસાવવાના પ્રયાસોને વેગ મળશે.અમદાવાદ રેલવે સ્ટેશન પુનઃવિકાસ પરિયોજના હેઠળ રૂફ પ્લાઝા સહિત વિવિધ આધુનિક યાત્રી સુવિધાઓનો વિકાસ તબક્કાવાર રીતે કરવામાં આવી રહ્યો છે. અમદાવાદ રેલવે સ્ટેશન પર સાઉથ મલ્ટિમોડલ ટ્રાન્ઝિટ હબ (સ્ઊૅ) બિલ્ડીંગના ૧૪ માળનું બાંધકામ પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે બાકીના બે માળ પર કામ પ્રગતિમાં છે.યાત્રીઓની સુવિધા માટે સ્ઊૅ બિલ્ડીંગમાં પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (ઁજી), ક્લોક રૂમ અને ડિજિટલ લોકર, વેટિંગ રૂમ જેવી મહત્ત્વપૂર્ણ સુવિધાઓ સ્થળાંતરિત કરવામાં આવી ચૂકી છે. આ સાથે જ પ્લેટફોર્મ નંબર-૧ થી યાત્રીઓના પ્રવેશ અને નિકાસની વ્યવસ્થા પણ શરૂ કરી દેવામાં આવી છે.આ અવસરે મંડળ રેલ મેનેજર, અમદાવાદ શ્રી વેદ પ્રકાશ સહિત નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (દ્બઊૅજીઈઝ્ર), રેલવે લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (ઈન્દ્બછ) તેમજ અમદાવાદ મંડળના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG SS NO:- 364

વિષયઃ- શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષકઃ- "એમની શોધ"
★પ્રકારઃ- પદ્ય શબ્દોઃ- ૧૨૦

આ જીવ ઘૂમી વળ્યો "એને"- શોધવા ચોતરફ અલકમલકમાં,
બિચારો ના પામી શક્યો, વ્યાપ્ત હતો "એ"- આખા મલકમાં.

ચોતરફ કેવો નઝારો છે "એનો"- નજરથી નિહાળીએ તો,
ડગલે ને પગલે નજરે ચડે છે "એ"- પાંપણની પલકમાં.

આ દેહયંત્રને અજ્ઞાત - અદશ્ય રૂપે કોણ ચલાવે છે ?
જરા શાંતિથી વિચારીએ તો દેખાશે "એ"- હર ફલકમાં.

કવિ નરસિંહનો મેઘમલ્હાર કે મીરાંબાઈની ભક્તિથી અજાણ,
શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો છે "એ" હલકમાં.

"એની"- અમીધારા સતત વરસે છે આ અવનિ પર તો,
મેઘમલ્હાર વરસાવે છે "એ"- જ દેખાય છે હર છલકમાં.

લગન એવી લગાવી છે ધૂણી "એમનાં"- નામની ધખાવીને,
★"પંકજ"- મારું "પરમતત્ત્વ"- તો હાજર જ છે મારા "મલકમાં".

મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા (ઉપલેટા)

★★★★★★★
NOGSS NO : 161

વિષયઃ શ્રધ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષક : હેયાનો હરખ
પ્રકાર : અછાંદસ કાવ્ય શબ્દો : ૮૧

શ્રધ્ધાના આ દીવડાંને સઘળે જલતો રાખીયે રે
સંસ્કૃતિના આ વારસાને ચાલને વહેતો કરીયે રે

હેયે હરખનાં તોરણ બંધાયા છેક દિલનાં તળિયે રે
મનના ખૂણે કારણ પૂછવા ચાલ હવે તો મળીએ રે

અંધકારે ઉજાસમાં પણ દીપ બની ઝળહળીએ રે
પૂનમ કેરી ભરતી ઘૂઘવે અમાસે દુખડા ગળીએ રે,

દરિયાનાં તો ઊંડા પાણી કાંઠેથી આપણે તરીએ રે,
સાથિયામાં રંગો છાંટી ગમતાંનો ગુલાલ તો કરીએ રે,

કુલની ફોરમ પંખ બનાવી વનવગડે જઈ ઊડીએ રે,
લખચોરાસી ફેરામાંથી કેમ કરીને છૂટીએ રે?

--ગ્રીષ્મા પંડ્યા (અમદાવાદ)

★★★સ્ત્ર★★★
NOG SSNO:153

વિષયઃ"નવરાત્રીઃશ્રધ્ધા નાં દિપ થી પ્રજ્વલિત સંસ્કૃતિ નો વારસો"
શીર્ષકઃ"શ્રધ્ધા નાં દિપ ને પ્રગટાવવા ની આ વાત છે."
પ્રકારઃપદ્ય શબ્દોઃ૧૪૪
શ્રધ્ધા નાં દિપ પ્રગટાવવા ની આ વાત છે, આવી નવલી નવરાત્રી નાં નોરતાં ની આ રાત છે.,
પુરાં કરવાંના મારાં અધૂરાં ઓરતાની છે આ વાત છે,
કોલેજકાળે જે પામ્યાં હતાં સંગાથ તેની આ વાત છે,
અને જે ના પામ્યાં તેનાં સંતાપની છે આ વાત છે.
ઉંઘ ને ઉંઘવાં ન દેવાંની ગરબાની આ રાત છે,
સુસ્તી ને જાગવાં ન દેવાં ની રઢીયાળી આ રાત છે,
પ્રેમ થી પાંગળતો પરિવાર બનાવવાં ની આ વાત છે,
મિત્રો ની મહેફિલ જમાવી મિજબાની માણવાં ની આ રાત છે,
જે અંગત છે તેની સંગત માં રંગત માણવા ની આ વાત છે ,
ઢોલીડા નાં ઢોલ ને ફરતે ગરબો ગુમવાં ની આ રાત છે,
પુરાં વર્ષ નો ઓક્સીજન ભરી લેવાં ની છે આ વાત છે.
જીતેન્દ્ર શાહ"સુકાન્ત"

★★★★★★★ **NOG SS 409**

વિષય : શ્રધ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષકઃ ‘‘શ્રદ્ધાના રંગે રંગાઈ નવરાત્રી
શબ્દ : ૮૪
નવરાત્રીના પાવન પર્વે, ભક્તિનો રંગ છવાય,
મા અંબાના ચરણોમાં, હરેક હૈયું ઝૂકાય.
દીવાની જ્યોતમાં ઝળહળે, શ્રદ્ધાનો ઉજાસ,
મા તારા આશીર્વાદથી, અતૂટ રહે વિશ્વાસ.
ગરબાના તાલે ગૂંજે, જય અંબેના નાદ,
મા તારી ભક્તિમાં મળે, મનને પરમ પ્રસાદ.
શ્રદ્ધા હોય હૃદયમાં તો, સંકટ દૂર થઈ જાય,
મા પર વિશ્વાસ રાખતાં, અંધકાર મટી જાય.
સુખમાં તને યાદ કરું, દુઃખમાં તારો સાથ,
મા તારા આશીર્વાદથી, સરળ બને જીવનની વાટ.
નવ રાતની આરાધનામાં, મન પવિત્ર બની જાય,
મા તારી કૃપા વરસે તો, જીવન ધન્ય બની જાય.

મયુર ધામેલિયા (સુરત)

★★★★★★★
NOG SS NO 173.

પ્રકાર- ગદ્ય.
શબ્દ સંખ્યા- ૨૮૦
વિષય- '?નવરાત્રી : શ્રદ્ધાનાં દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો'
શીર્ષક - " શ્રદ્ધા નાં દીપથી પ્રજજવલિત સંસ્કૃતિ નો વારસો - નવરાત્રી
"

?ભારતીય સંસ્કૃતિ એ પરંપરાઓનો ની સાથે માનવ ચિત્તને ઈશ્વરીય અંશ સાથે જોડતી એક જીવંત સાધના છે. આ સાધનાનો સૌથી મનોહર, પાવન અને ભાવસભર પર્વ એટલે 'નવરાત્રી; જે ઉત્સવ કે નૃત્યનાં રંગમંચ ની સાથે શ્રદ્ધાનાં દીપથી પ્રજ્વલિત આપણી ભવ્ય સંસ્કૃતિનો વારસો છે. ?જ્યારે ઘરનાં આંગણામાં કે ગરબીનાં મધ્યમાં માટીનો દીપ પ્રગટે છે, ત્યારે એ માત્ર તેલ અને વાટનું મિલન ન રહેતાં, માનવ હૃદયની શ્રદ્ધા, સમર્પણ અને આસ્થાનું પ્રતીક બને છે. એ દીપકની જ્યોત અજ્ઞાન અને અંધકારને દૂર કરીને આંતરિક ચેતનાને જગાડવાનો સંદેશ આપે છે. મા અંબાનાં ચરણોમાં શિશ નમાવીને જ્યારે ભક્ત પોતાનું અહંકારયુક્ત અસ્તિત્વ સમર્પિત કરે છે, ત્યારે સંસ્કૃતિનો સાચો વારસો હૃદયમાં પ્રજ્જવલિત થાય છે. ?નવરાત્રી એ નારી શક્તિનો મહાઉત્સવ છે. મા જગદંબાનાં નવ રૂપો કહે છે કે નારી એ દયા કે કરૂણા નાં અવતાર ની સાથોસાથ અધર્મ અને અન્યાય સામે અવાજ ઉઠાવતી સાક્ષાત શક્તિ પણ છે. માતૃશક્તિ પ્રત્યેનો આ આદર અને પૂજ્યભાવ એ જ આપણી ભારતીય સંસ્કૃતિનો સર્વોચ્ચ વારસો છે. જ્યારે આપણે ગરબે ઘૂમીએ છીએ, ત્યારે ગરબો એ આપણાં શરીરનું અને અંદરનો દીપક એ આપણાં આત્માનું પ્રતીક બની રહે છે. તાલીઓનાં તાલ સાથે જ્યારે હૃદયનો ધબકાર જોડાય છે, ત્યારે વ્યક્તિગત ભેદભાવો ઓગળીને એકતા તથા સમભાવનો દિવ્ય અનુભવ થાય છે. ?આજનાં આધુનિક અને ધમાલભર્યા યુગમાં, જ્યાં માનવ સંબંધો અને મૂલ્યોમાં આભાસી ક્ષીણતા આવી રહી છે, ત્યાં નવરાત્રીનો આ પાવન પર્વ આપણને આપણી મૂળ જડો સાથે આપણને જોડે છે, અને યાદ અપાવે છે કે બહારનો ઝગમગાટ ગમે તેટલો હોય, પરંતુ અંતરનો દીવો પ્રગટાવવો અતિ આવશ્યક છે. શ્રદ્ધા, સત્ય, દયા અને સદાચારના દીપ પ્રજ્વલિત કરીને જ આપણે આપણી સંસ્કૃતિનાં આ અમૂલ્ય વારસાને આવનારી પેઢીઓ સુધી અખંડ રાખી શકીશું.
?આ નવરાત્રીએ માત્ર બહાર જ નહીં, પરંતુ આપણાં અંતઃકરણમાં શ્રદ્ધાનો દીપ પ્રગટાવીએ અને આપણી દિવ્ય સંસ્કૃતિનાં પ્રજ્વલિત વારસાને વધુ તેજોમય બનાવીએ.

-ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'
અમદાવાદ

★★★★★★★
NOG SS NO.415.

વિષયઃ નવરાત્રી,શ્રધ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો.
શીર્ષકઃ નવરાત્રી.શ્રધ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો.
પ્રકારઃ ગદ્ય.
શબ્દોઃ ૧૫૨.

નવ રાત્રિના નવ દીપોમાં, નવ સંકલ્પ પ્રગટે,
દરેક હૃદયના મંદિરમાટે, સદવિચારનાં ફૂલ ખીલે.
આરતીના અંતિમ સૂર સુધી, એક જ પ્રાર્થના રહે,
ધર્મ રહે માનવતામાં, શક્તિ સદાચાર સાથે વહે.
સંસ્કૃતિનો દીપ અખંડ રહે
નવરાત્રિ એ રાત્રિઓનો ઉત્સવ નહીં, ચેતનાનો ઉત્સવ છે,
નવરાત્રિ એ નૃત્યનો અવસર નહીં, આત્મજાગૃતિનો મહોત્સવ છે.
નવરાત્રિ એ માત્ર દેવીપૂજા નહીં, નારીસન્માનનું વિધાન,
નવરાત્રિ એ માત્ર પરંપરા નહીં, સંસ્કારનું સંધાન.
શ્રદ્ધાનો દીપ પ્રગટે ત્યારે, સંશયનો તિમિર ટળે,
જ્ઞાનની જ્યોત જાગે ત્યારે, અજ્ઞાનનાં બંધન ખળે.
ગરબાના ગોળાકારમાં જાણે, સૃષ્ટિનો સંદેશ સમાય,
કેન્દ્રમાં દિવ્ય ચેતના રાખી, જીવન આગળ ધપાય.
વેદોથી લોકગીતો સુધી, એક જ ભાવ વહેતો,
શક્તિ, સત્ય અને કરુણાનો, અવિનાશી સૂર રહેતો.
આપણી ભાષા, આપણી ભૂમિ, આપણી પરંપરાનો તાજ,
નવરાત્રિમાં ઉજાગર થાય, સંસ્કૃતિનો દિવ્ય સમાજ.
ચાલો, શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત કરીએ સંસ્કૃતિનો વારસો,
જ્ઞાનથી ઉજ્જ્વળ કરીએ વર્તમાન, મૂલ્યોથી ઘડીએ ભવિષ્યનો સરવાળો.
નવદુર્ગાની કૃપા હૃદયમાં, નવચેતનાનો ઉલ્લાસ,
ભારતીય સંસ્કૃતિ અમર રહે એ જ પ્રાર્થના, એ જ વિશ્વાસ.
જય અંબે! જય આદ્યશક્તિ! ??
અસ્તુ.
"સ્નેહિલ"સ્નેહલ વ્યાસઠાકર.

★★★★★★★
NOGSS NO: 345

વિષયઃ
આભાર - નિહારીકા રવિયા શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષકઃ નવરાત્રી
પ્રકારઃગદ્યશબ્દોઃ ૨૩૬

નવરાત્રી એટલે માત્ર નવ રાત્રિ નહિ, પણ નવ દિવસ સુધી ચાલતો શ્રદ્ધા, શક્તિ અને સંસ્કૃતિનો મહાસંગમ. ગુજરાતની ધરતી પર નવરાત્રી એ તહેવાર નથી, પણ જીવનશૈલી છે.

નવરાત્રીના નવ દિવસોમાં આદ્યશક્તિ માતા દુર્ગાના નવ સ્વરૂપોની પૂજા થાય છે. પ્રથમ દિવસે શૈલપુત્રીથી શરૂ કરીને નવમા દિવસે સિદ્ધિદાત્રી સુધી, દરેક સ્વરૂપ સ્ત્રી શક્તિના અલગ અલગ પાસાને દર્શાવે છે. આ નવ દિવસ ઉપવાસ, સાધના અને આત્મશુદ્ધિના દિવસો છે. સવારે મંદિરોમાં આરતી અને સાંજે ગરબાના તાલે આખું ગુજરાત ઝૂમી ઉઠે છે.

ગરબો એ નવરાત્રીનો આત્મા છે. માટીના ગરબામાં દીવો પ્રગટાવીને તેની આસપાસ ગોળ ગોળ ફરવું એ બ્રહ્માંડના ચક્રનું પ્રતિક છે. દીવો એટલે જ્ઞાન અને શ્રદ્ધાનો પ્રકાશ, જે અંધકારને દૂર કરે છે. આજે ભલે ડીજેના તાલે આધુનિક ગરબા રમાય છે, પણ તેની પાછળની ભાવના એ જ છે, માઁ પ્રત્યેની અતૂટ શ્રદ્ધા.

નવરાત્રી આપણને શીખવે છે કે સ્ત્રી એ માત્ર વ્યક્તિ નથી, શક્તિ છે. દુર્ગા માતાએ મહિષાસુરનો વધ કરીને બતાવ્યું કે અસત્ય પર સત્યનો અને અંધકાર પર પ્રકાશનો વિજય હંમેશા થાય છે. આ જ સંદેશ દરેક દીકરી, દરેક માતામાં જીવંત છે.

આ તહેવાર સંસ્કૃતિનો વારસો પણ છે. નવ દિવસ માટે જાત-પાત, અમીર-ગરીબના ભેદ ભૂલીને બધા એક સાથે ગરબે ઘૂમે છે. ચણિયાચોલીના રંગો, ઢોલના તાલ અને લોકગીતોની સુરાવલી આપણી સંસ્કૃતિને જીવંત રાખે છે.

ખરા અર્થમાં નવરાત્રી એટલે શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત થયેલો આપણો સાંસ્કૃતિક વારસો, જે પેઢી દર પેઢી આપણા હૃદયમાં દીપતો રહે છે.
હંસા ઝાલા "લાગણી" (સુરત)

IIFT અને EDII વચ્ચે MoU પર હસ્તાક્ષર થશે; બંને સંસ્થાઓના વડાઓ IIFTના ગિફ્ટ સિટી કેમ્પસ ખાતે મળ્યા



ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ પ્રોજેક્ટ્સ અને રિજનલ ડિરેક્ટર - નોર્ધન રિજનલ ઓફિસ ઈડીઆઈ અમદાવાદથી હાજર રહ્યા.

સપ્ટેમ્બર ૨૦૨૬માં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન ટ્રેડ (IIFT)ના માનનીય વાઈસ ચાન્સેલર પ્રો. ડૉ. કે. રંગરાજન દ્વારા IIFT ગિફ્ટ સિટી કેમ્પસ અને ઈડીઆઈની મુલાકાત લેવાના સંદર્ભમાં આ બેઠક યોજાઈ હતી.

કેમ્પસની મુલાકાત દરમિયાન, ઈડીઆઈના પ્રતિનિધિમંડળે ત્યાંના વિશ્વ-સ્તરીય માળખાગત સુવિધાઓ અને સંસાધનો તેમજ ગિફ્ટ સિટીની વિકસતી શૈક્ષણિક અને સંસ્થાકીય ઇકોસિસ્ટમ સાથે સંકલિત હોવાનું જોયું.આ ચર્ચાઓમાં IIFT અને ઈડીઆઈ વચ્ચે ઔપચારિક સંસ્થાકીય ભાગીદારી અથવા સમજૂતી કરાર (MoU) વિકસાવવાની શક્યતાઓ તપાસવામાં આવી, જેમાં સહયોગના સંભવિત ક્ષેત્રોનો સમાવેશ થાય છે:

કૌશલ્યલક્ષી અને ક્ષેત્ર-વિશિષ્ટ કાર્યક્રમો, જેમાં સ્કીલ-કેન્દ્રિત તાલીમ અને ક્ષમતા-નિર્માણ કાર્યક્રમોનો સમાવેશ થાય છે ઉદ્યોગસાહસિકતા, સરકારી યોજનાઓ, ઉદ્યોગસાહસિકતા વિકાસ અને બજાર તકોનું પરીક્ષણ કરતી સંશોધન અને જ્ઞાન પહેલ.

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાના નેતૃત્વમાં એક વરિષ્ઠ સ્તરીય પ્રતિનિધિમંડળે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન ટ્રેડ (IIFT), GIFT સિટી કેમ્પસની મુલાકાત લીધી અનu IIFT GIFT સિટી કેમ્પસના વડા પ્રો. ડૉ. રાજેન્દ્ર પ્રસાદ શર્મા, ફેકલ્ટી સભ્યો, સ્ટાફ અને વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી.ડૉ. સુનિલ શુક્લાની સાથે ડૉ. સત્ય રંજન આચાર્ય, પ્રોફેસર અને ડિરેક્ટર - ડિપાર્ટમેન્ટ ઓફ એન્ટરપ્રિન્યોરશિપ એજ્યુકેશન અને ડૉ. અમિત કુમાર દ્વિવેદી, પ્રોફેસર અને ડિરેક્ટર -

નવરાત્રી નિમિત્તે મોડાસા રમઝટ પાર્ટી પ્લોટ ખાતે સલામતી મોકડ્રિલ યોજાઈ



નવરાત્રીના પવિત્ર પર્વ દરમિયાન જાહેર સલામતીને અગ્રતા આપતાં મોડાસા ખાતે આવેલ રમઝટ પાર્ટી પ્લોટમાં આજે એક વ્યવસ્થિત મોકડ્રિલ (નકલી કસરત) યોજવામાં આવી હતી.

આ મોકડ્રિલમાં અચાનક આગ લાગવાની અને એક વ્યક્તિને ઈજા પહોંચવાની કાલ્પનિક પરિસ્થિતિ સર્જીને તેનો ત્વરિત અને વ્યવસ્થિત રીતે સામનો કેવી રીતે કરવો તેનું પ્રાયોગિક નિદર્શન કરવામાં આવ્યું. આગ બુઝાવવાની કામગીરી, ઈજાગ્રસ્ત વ્યક્તિની તાત્કાલિક પ્રાથમિક સારવાર તથા સુરક્ષિત સ્થળે સ્થાનાંતરણ જેવી મહત્ત્વની પ્રક્રિયાઓનું અસરકારક પ્રદર્શન થયું.

કસરતમાં હાજર રહેલા સ્ટાફ, સુરક્ષા કર્મચારીઓ અને સ્થાનિક નાગરિકોને આપત્તિ વ્યવસ્થાપન અંગે મૂલ્યવાન તાલીમ અને જાગૃતિ મળી. નવરાત્રી જેવા વિશાળ જાહેર ઉત્સવોમાં સલામતીને સર્વોપરી રાખવાની જરૂરિયાતને આ મોકડ્રિલે વધુ મજબૂત બનાવી છે.

સંબંધિત અધિકારીઓએ જણાવ્યું કે આવી નિયમિત મોકડ્રિલો દ્વારા જનસમુદાયમાં સતર્કતા અને સાવચેતીની ભાવના વિકસે છે, જે કોઈપણ આકસ્મિક પરિસ્થિતિમાં જીવન અને સંપત્તિની રક્ષા માટે અત્યંત આવશ્યક છે.

તસવીર અહેવાલ મહેન્દ્ર પટેલ મઠવાસ

વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ નિમિત્તે એએમએ દ્વારા "માનસિક સ્વાસ્થ્યને સમજવું" વિષય પર એક પેનલ ડિસ્કશનનું આયોજન કરાયું

વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસની ઉજવણીના ભાગરૂપે, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (એએમએ) દ્વારા એએમએ કેમ્પસ ખાતે "માનસિક સ્વાસ્થ્યને સમજવું" વિષય પર એક પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. હંસલ ભચેચ (વરિષ્ઠ કન્સલ્ટન્ટ સાયકિયાટ્રિસ્ટ, શિક્ષણવિદ્ અને બેસ્ટસેલિંગ લેખક), ડૉ. ઈતિ શુક્લા (ક્લિનિકલ સાયકોલોજિસ્ટ), શ્રી ઋષિકેશ રાવલ (પ્રેસિડેન્ટ - ગ્રુપ હ્યુમન રિસોર્સિસ એન્ડ કોર્પોરેટ કમ્યુનિકેશન્સ, ઝાયડસ લાઈફસાયન્સિસ લિમિટેડ), અને શ્રી તાન્યા પરીખ (ડિરેક્ટર, નયન પરીખ એન્ડ કન્સલ્ટન્ટ્સ) દ્વારા પેનલ ડિસ્કશન સંબોધવામાં આવ્યું હતું અને માનસિક સ્વસ્થતા, મનોવૈજ્ઞાનિક ક્ષમતા અને કાર્યસ્થળના સ્વાસ્થ્ય અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા.
વધુ વિગતો માટે કૃપા કરીને એએમએનો ૦૭૯-૨૬૩૦૮૬૦૧ પર સંપર્ક કરો અથવા એએમએ વેબસાઈટની મુલાકાત લોઃ



લોકહૈયે વસેલા કલ્ચરલના ગરબામાં ત્રીજા નોરતે ખેલૈયાઓનો મહેરામણ ઉમટ્યો









ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર કલ્ચરલ ફોરમના પરંપરાગત નવરાત્રી મહોત્સવમાં ત્રીજા નોરતે ગરબાના આંગણે ખેલૈયાઓનો મહેરામણ ઉમટ્યો હતો. માતાજીની આરાધના, ગુજરાતી લોકસંસ્કૃતિ અને પરંપરાગત ગરબાના તાલે સમગ્ર ગરબા પ્રાંગણ ઉત્સાહ અને ઉમંગથી છલકાઈ ઊઠ્યું હતું. ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત ખેલૈયાઓએ મન મૂકીને ગરબે ઘૂમી નવરાત્રીની રંગતને વધુ ખીલવી હતી. ગુજરાતનાં સુપ્રસિદ્ધ ગાયકો આશિતા પ્રજાપતિ, અમિપ પ્રજાપતિ અને સાહિલ રામીએ પોતાના સુમધુર કંઠે ગવાયેલા રાસ-ગરબાથી એવી રમઝટ બોલાવી હતી કે ખેલૈયાઓ અને પ્રેક્ષકો સંગીતના સૂર તથા તાલ સાથે ગરબાના રંગમાં રંગાઈ ગયા હતા. પરંપરાગત ગુજરાતી પોશાકમાં સજ્જ ખેલૈયાઓના ઉત્સાહ અને લોકસંગીતની મધુરતાએ ત્રીજા નોરતાની રાત્રિને યાદગાર બનાવી હતી.

છેલ્લા ત્રણ દાયકાથી વધુ સમયથી પરંપરાગત રીતે યોજાતા ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબાએ ગાંધીનગરના સાંસ્કૃતિક જીવનમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. કલ્ચરલના ગરબા હવે માત્ર ગાંધીનગરના નાગરિકો માટે જ નહીં, પરંતુ દેશ-વિદેશમાં વસતા મૂળ ગાંધીનગરવાસીઓ માટે પણ લાગણી, સંસ્કૃતિ અને વતન સાથે જોડાણનું પ્રતીક બની ગયા છે. નવરાત્રીનું પર્વ આવે એટલે દેશ-વિદેશમાં સ્થાયી થયેલા અનેક ગાંધીનગરવાસીઓને કલ્ચરલના ગરબાની યાદ સતાવવા લાગે છે. ઘણા ગરબાપ્રેમીઓ તો ખાસ કલ્ચરલના ગરબાનો આનંદ માણવા વિદેશથી ગાંધીનગર આવે છે. જ્યારે વિદેશમાં વસતા અનેક મૂળ ગાંધીનગરવાસીઓ જીવંત પ્રસારણના માધ્યમથી પોતાના વતનના આ સાંસ્કૃતિક ઉત્સવ સાથે જોડાયેલા રહે છે. આ રીતે કલ્ચરલના ગરબાએ ભૌગોલિક અંતરને પાર કરીને ગુજરાતી સંસ્કૃતિ અને વતનપ્રેમની લાગણીને જીવંત રાખી છે.ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબાની લોકપ્રિયતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ત્રીજા નોરતાના ગરબાનું જીવંત પ્રસારણ ૧.૬૦ લાખથી વધુ દર્શકોએ નિહાળ્યું હતું. જીવંત પ્રસારણ દ્વારા દેશ-વિદેશના ગરબાપ્રેમીઓએ પણ આ ભાતીગળ પરંપરાગત નવરાત્રીનો આનંદ માણ્યો હતો. એક તરફ ગરબા પ્રાંગણમાં ખેલૈયાઓનો ઉત્સાહ છલકાતો હતો, તો બીજી તરફ ડિજિટલ માધ્યમ દ્વારા હજારો લોકો આ ઉત્સવ સાથે ભાવનાત્મક રીતે જોડાયેલા રહ્યા હતા. પરંપરા અને આધુનિક ટેક્નોલોજીના આ સમન્વયે કલ્ચરલના ગરબાને વૈશ્વિક સ્તરે ઓળખ અપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.નવરાત્રીના ત્રીજા નોરતે ખેલૈયાઓએ પોતાની પ્રતિભા, નૃત્યકૌશલ્ય અને આકર્ષક પોશાકથી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. બેસ્ટ પર્ફોર્મન્સ પ્રિન્સેસ તરીકે આયુષી શર્મા અને બેસ્ટ પર્ફોર્મન્સ પ્રિન્સ તરીકે કૌશલ પરમાર વિજેતા બન્યાં હતાં. બેસ્ટ પેર કેટેગરીમાં સન્ની રાજપુત અને અનુરાગની જોડીએ વિજય મેળવ્યો હતો. જ્યારે બેસ્ટ ક્વીન તરીકે નિધિ પટેલ અને બેસ્ટ કિંગ તરીકે ડૉ. અંકિત ત્રિવેદી વિજેતા જાહેર થયાં હતાં. બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ તરીકે કિંજલ બિહોલા અને બેસ્ટ ડ્રેસ પ્રિન્સ તરીકે ક્રિષ્વ બારોટ વિજેતા બન્યાં હતાં. ટીનેજર કેટેગરીમાં પ્રિન્સી સોની અને યક્ષ પરમાર વિજેતા થયાં હતાં. બેસ્ટ કીડ કેટેગરીમાં ક્રિષા ધાંધિયા અને વિહાન શેઠ, જ્યારે બેસ્ટ ચાઈલ્ડ કેટેગરીમાં જીન્સી પટેલ અને પ્રેરક વસાવા વિજેતા બન્યાં હતાં. તમામ વિજેતા ખેલૈયાઓને તેમની સિદ્ધિ બદલ અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.આમ, ગાંધીનગર કલ્ચરલ ફોરમના નવરાત્રી મહોત્સવના ત્રીજા નોરતે ભક્તિ, સંગીત, પરંપરા અને લોકસહભાગિતાનો અદભુત સંગમ સર્જાયો હતો. ગરબાના વિશાળ આંગણામાં ઉમટેલો ખેલૈયાઓનો મહેરામણ, સુપ્રસિદ્ધ ગાયકોની સુમધુર રજૂઆતો અને દેશ-વિદેશના દર્શકોનો ઉત્સાહ આ મહોત્સવની લોકપ્રિયતાનો પરિચય કરાવતા હતા. ત્રણ દાયકાથી વધુ સમયથી જળવાયેલી આ પરંપરા આજે પણ ગુજરાતી લોકસંસ્કૃતિના સંવર્ધન અને નવી પેઢી સુધી તેના વારસાને પહોંચાડવાનું કાર્ય કરી રહી છે. કલ્ચરલના ગરબા માત્ર એક ઉત્સવ નથી, પરંતુ ગાંધીનગરની સાંસ્કૃતિક ઓળખ, વતન સાથેની લાગણી અને ગુજરાતી અસ્મિતાને જોડતો જીવંત સેતુ બની રહ્યા છે.

થરા નગર પાલિકાની સામાન્ય ચૂંટણના પરિણામમાં ભાજપે ૧૯ બેઠકો તો કોંગ્રેસે-૦૫ બેઠકો મેળવી. વોર્ડ નં-૨માં ભાજપની પેનલ તૂટી હતી



યશપાલસિંહ ટી. વાઘેલા થરા

ઓગડ તાલુકાના થરા નગર પાલીકાની ૧૮૦૬૦ વસ્તીમાં છ વોર્ડના કુલ ૧૨૯૧૬ મતદારો ૧૮ મતદાન મથકો પરથી ગત તા.૧૧/૧૦/ ૨૦૨૬ને રવિવારે ૮૧.૧૮ મતદારોએ મતદાન કરેલ, જેના ગઈકાલે જાહેર થયેલ પરિણામમાં ૨૪ બેઠકોમાંથી ભાજપ-૧૯ કોંગ્રેસ-૦૫ બેઠકો મેળવવામાં સફળ રહયું તો આમ આદમી પાર્ટી ખાતું ખોલાવવામાં નિષ્ફળ રહયું હતું.ગઈકાલે જાહેર થયેલ ચૂંટણી પરિણામમાં ભાજપ વોર્ડ નં.૧ની ચાર બેઠકોથી વિજયની શરૂઆત કરી હતી જેમાં વોર્ડ નં.૨માં કોંગ્રેસના એક મહિલા ઉમેદવાર વિજેતા થતાં ભાજપની પેનલ તૂટી હતી ત્યારબાદ વોર્ડ નં.૩,૪,૫ ભાજપની આખી પેનલ વિજેતા થતાં ભાજપના ૧૯ ઉમેદવારોથી સ્પષ્ટ બહુમતીએ પહોંચતા આખું વાતાવરણ ભાજપમય બની ગયું હતું. વોર્ડ નં. ૬નું પરિણામ કોંગ્રેસ તરફી રહયું હતું જેમાં ભાજપના ચારેય ઉમેદવારો હારતા.કોંગ્રેસ પાંચ સભ્યો સાથે વિરોધ પક્ષની ભૂમિકા ભજવશે. આ ચૂંટણી જંગમાં આમ આદમી પાર્ટીના ૧૧ ઉમેદવારો મેદાનમાં હતા પણ તે ખાતું ખોલાવવામાં નિષ્ફળ રહયા હતા. ગત ચૂંટણીમાં ૭૩ ટકાથી વધુ મતદાનમાં ભાજપ -૨૦ બેઠકો જયારે કોંગ્રેસ ૦૪ બેઠકો મેળવવામાં સફળ રહેલ.આ વખતે ૮૧ ટકાથી વધુ મતદાનમાં ભાજપે એક બેઠક ગુમાવી છે.કોંગ્રેસના વર્તમાન ધારાસભ્યની સીધી દેખરેખમાં કોંગ્રેસ ચૂંટણી લાડવા પ્રયત્ન કર્યો પણ તેઓને ઉમેદવારો સક્ષમ મળ્યા ન હતા છતાં તમામ વોર્ડમાં ઉમેદવારો ઉભા રાખ્યા હતા.આમ આદમી પાર્ટીને પણ ઉમેદવારો નહીં મળતા ૧૧ જેટલા ઉમેદવાર ઉભા રાખી પાલિકા ચૂંટણીમાં ઝંમ્પલાવ્યુ હતું.

૨૪ વિજેતા ઉમેદવારોમાં ભાજપના ૧૯ અને કોંગ્રેસના ૦૫ ઉમેદવાર વિજેતા થયેલ.જેમાં ૧૯ ભાજપ વિજેતા ઉમેદવારો(મળેલ મત)

==========

વોર્ડ નં. ૧

રસીલાબેન રમેશભાઈ પ્રજાપતિ-(૧૦૧૮)

જશીબેન સેમાભાઈ પટેલ-(૧૧૩૮)

વેરશીભાઈ લવજીભાઈ મકવાણા-(૯૧૪)

રફીકભાઈ કરીમભાઈ મનસુરી-(૧૧૭૬)

વોર્ડ નં -૨

-ખુશી અલ્પેશભાઈ શેઠ-(૮૮૫)

-વિજયકુમાર પરબતજી ઠાકોર-(૮૮૩)

-અમરતભાઈ લાલુભાઈ રાવળ-(૯૦૭)

વોર્ડ નં -૩

ગાયત્રીબેન હર્ષદભાઈ દરજી-(૧૦૯૫)

ચિકાબેન અમરાજી ગોહિલ-(૧૧૧૨)

મગનભાઈ કલ્યાણભાઈ દેસાઈ-(૯૭૯)

પૃથ્વીરાજસિંહ ચંદ્રસિંહ વાઘેલા-(૧૧૪૬)

વોર્ડ નં -૪

સીતાબેન રમેશભાઈ કંબોયા-(૧૧૯૮)

અશ્વિનીબેન કિરીટકુમાર ઠક્કર-(૧૨૭૫)

વિક્રમસિંહ બેચરસિંહ વાઘેલા-(૧૨૩૬)

મહેન્દ્રસિંહ કેશુભા વાઘેલા-(૧૨૪૯)

વોર્ડ નં ૫

પ્રેમીબેન પ્રવિણજી ઘાંઘોસ-(૭૬૫)

દીપાલીબેન જગરકુમાર ઠક્કર-(૭૪૮)

ધવલકુમાર મંગળદાસ ઝવેરી-(૭૨૯)

વિક્રમકુમાર ખેમાભાઈ પરમાર-(૬૯૦)

કોંગ્રેસના ૦૫ વિજેતા ઉમેદવારો

વોર્ડ નં -૨

રિપલબેન ભેમજીભાઈ પરમાર -(૭૯૦)

વોર્ડ નં -૬

રમીલાબેન પ્રવિણજી જગાણી-(૧૫૦૯)

રમેશકુમાર દીલુજી ઠાકોર-(૧૪૯૯)

વિનોદજી સદાજી ચાવડા-(૧૪૭૭)

સાકરબેન વિજયકુમાર ઠાકોર (૧૩૯૩)

પરિણામ જાહેર થઈ ગયું. ભાજપને સ્પષ્ટ બહુમતી મળી છે ત્યારે હવે પ્રથમ ટર્મ માટે પ્રમુખ પદ સામાન્ય સ્ત્રી બેઠક અનામત છે ત્યારે પ્રથમ મહિલા પ્રમુખ પદે કોણ બેસશે.. ઉપ પ્રમુખ કોણ તે પ્રક્રિયા ૧૫/૧૦ સુધીમાં લગભગ પુરી થશે તેવું લાગે છે. કારણ કે ૧૬/૧૦/૨૦૨૬ ચૂંટણી પ્રક્રિયા પુરી થશે.



શ્રી ઉમિયા બંગ્લોઝ, કુડાસણમાં બીજા નોરતે સોસાયટીની બહેનોએ કોઈપણ જાતના કોરિયોગ્રાફરની મદદ વગર ટૂંક સમયમાં જાતે ગરબો તૈયાર કરી સુંદર વસ્ત્રો પરિધાન કરી રજૂ કર્યો હતો.

૧ ૩મી વર્લ્ડ જુનિયર ચેસ ચેમ્પિયનશિપ ફોર વિઝ્યુઅલી ઈમ્પેયર્ડ અને વુમન ચેસ ચેમ્પિયનશિપમાં ભારતનું ગૌરવ



૩ થી ૧૩ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન ગ્રીસના ક્રેટ ખાતે યોજાયેલી ૧૩મી વર્લ્ડ જુનિયર ચેસ ચેમ્પિયનશિપ ફોર વિઝ્યુઅલી ઈમ્પેયર્ડ અને વુમન ચેસ ચેમ્પિયનશિપમાં ભારતીય ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે.ભારતના દૃષ્ટિહીન ચેસ ખેલાડી વેદ પૌહાર (ફીદ્ધેંરદ્ધી) એ શાનદાર રમત રમીને બ્રોન્ઝ મેડલ અને ટ્રોફી જીતીને દેશનું નામ રોશન કર્યું છે. વેદે ૯ રાઉન્ડમાં ૬.૫ પોઈન્ટ મેળવીને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે.બીજી તરફ, બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશનના ખેલાડી રાહુલ વાઘેલા સહિત અન્ય ભારતીય ખેલાડીઓએ પણ ખૂબ જ મજબૂત પ્રતિસ્પર્ધીઓ જેવા કે યુક્રેન, સ્પેન, પોલેન્ડ અને કઝાકિસ્તાન ના ટોચના ખેલાડીઓ સામે અત્યંત સારું પ્રદર્શન કર્યું હતું.તમામ ખેલાડીઓએ પોતાનું રેટિંગ નોંધપાત્ર રીતે સુધાર્યું છે, જે ભારતીય દૃષ્ટિહીન ચેસ માટે એક મોટી સિદ્ધિ છે.બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન આ તમામ ખેલાડીઓની મહેનત અને લગનને બિરદાવે છે અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવે છે. આ સિદ્ધિ દેશના અન્ય દિવ્યાંગ ખેલાડીઓ માટે પ્રેરણારૂપ બનશે.

તાલુકા પંચાયત પ્રમુખશ્રી દ્વારા મકાન નુકસાની પેટે ૩. ૩,૭૦,૫૦૦ ની નાણાકીય સહાય મંજૂર કરાઈ



તાલુકા પંચાયત વિસ્તારમાં ગત તારીખ ૧૩/૦૯/૨૦૨૬ ના રોજ થયેલ કુદરતી ઘટના આફતને કારણે મકાનોને થયેલા નુકસાન બદલ અસરગ્રસ્ત કુટુંબોને તાત્કાલિક રાહત આપવા માટે તાલુકા પંચાયત પ્રમુખશ્રી દ્વારા કુલ રૂ. ૩,૭૦,૫૦૦ (અંકરે ત્રણ લાખ સીતેર હજાર પાંચસો પૂરા) ની આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે.

આ સહાય હેઠળ લાભાર્થીઓને તેમના મકાનને થયેલ નુકસાનીના ધોરણ મુજબ સહાયની રકમ ચૂકવવામાં આવશે.

મંજૂર કરવામાં આવેલ સહાયની વિગતોઃ

. ક્રમ. ગામનું નામ. અરજદારનું નામ. નુકસાનીનો પ્રકાર. સહાયની રકમ (રૂ.)

૧ ધુડા ચંદરભાઈ રંગુભાઈ ગાવિત સંપૂર્ણ ઘરને નુકશાન ૧,૮૦,૦૦૦

૨ દિવાનટેમ્બ્રુન હરેશભાઈ જયરામભાઈ પવાર સંપૂર્ણ ઘરને નુકશાન ૧,૮૦,૦૦૦

૩ હુંબાપાડા રાજુભાઈ તુળસ્યાભાઈ પ્રધાન કાચા ઘરને નુકશાન ૪,૦૦૦

૪ કોટબા શૈલેષભાઈ સુભાષભાઈ ભોયે. ઘરના છાપરાને નુકશાન ૬,૫૦૦

કુલ ૩,૭૦,૫૦૦

તાલુકા પંચાયત પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે, "મુશ્કેલીના આ સમયમાં અસરગ્રસ્ત પરિવારોને ઝડપથી મદદ પહોંચાડવી એ આપણી પ્રાથમિકતા છે. સહાયની આ રકમથી અસરગ્રસ્તોને તેમના ઘરનું પુનઃનિર્માણ અને સમારકામ કરવામાં રાહત મળશે."



આ વર્ષે નવરાત્રીના શુભારંભે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર પ્રેરિત ગાયત્રી પરિવાર નારણપુરાની બહેનો દ્વારા વર્ષોવર્ષ બંન્ને નવરાત્રીમાં નવ દિવસ દરમ્યાન સમૂહમાં ગાયત્રી ચાલીસાનું અનુષ્ઠાન કરવામાં આવે છે તે મુજબની શરૂઆત થઈ ચૂકી છે જેમાં વિશ્વ કલ્યાણાર્થે સૌને સદ્ બુદ્ધિ ઉજ્જવલ ભવિષ્ય નિરામય જીવન પ્રાપ્ત થાઓ તેવા શુભાશયથી ભક્તિમય વાતાવરણમાં શ્રધ્ધાપૂર્વક શ્રધ્ધાળુઓ બહેનો દ્વારા દરરોજ ૧૨ ગાયત્રી ચાલીસા પાઠ-ગાયત્રી મંત્ર-મહામૃત્યુંજય મંત્ર ભજન-ગીત-આરતી પૂજા-પ્રાર્થના-પ્રસાદ કરવામાં આવેલ

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat